ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# રીક્ષા હડતાલથી જનજીવનને અસર

## સ્કુલવર્ધીના વાહનો પણ બંધ રહેતા વાલીઓએ દોડવું પડયું : સીટીબસમાં ભીડ વધી : શહેરીજનોએ હાલાકી ભોગવવી પડી

ગાંધીનગર, તા.૧૮

સી.એન.જી.ના ભાવવધારા સામે ગાંધીનગર ઓટો રીક્ષા એસોસિએશને જારી કરેલા રીક્ષા બંધનું એલાન સફળ રહેતા નાગરિકોએ પરેશાની વેઠવી પડી હતી. રીક્ષાચાલકોએ રીક્ષાની સવારી બંધ રાખી આગામી બે દિવસ પણ રીક્ષા દોડતી નહીં કરવાનો મકકમ ઈરાદો વ્યકત કર્યો છે. શહેરના માર્ગો પર રીક્ષાઓ દોડતી અદૃશ્ય થઈ જતા નાગરિકોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડી હતી. સ્કૂલવર્ધીના વાહનો પણ બંધમાં જોડાતા વાલીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા.


(તસવીર : દિપક જાની)

સી.એન.જી.ના ભાવમાં રૂ. ૭.૧૫નો અસહ્ય ભાવ વધારો ઝીંકી દેવાતા રાજયના મેગાસીટી સહિત વિવિધ શહેરોમાં રીક્ષા યુનિયનોએ રીક્ષા બંધના માધ્યમથી પ્રચંડ વિરોધ વ્યકત કર્યો હતો. રીક્ષા યુનિયનો દ્વારા ૭૨ કલાક રીક્ષા બંધના એલાનના પ્રથમ દિવસે શહેરના માર્ગો પરથી રીક્ષા અદૃશ્ય થઈ ગઈ હતી. અમદાવાદમાં પણ જડબેસલાક બંધ પાળવામાં આવતા હજારો મુસાફરો અટવાઈ પડયા હતા. જયારે ગાંધીનગરમાં પણ આજે હજારો રીક્ષાના પૈડા થંભી ગયા હતા. રીક્ષા સદંતર બંધ રહેવાથી એકથી બીજા સેકટરમાં જતા નાગરિકોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. રેલવે સ્ટેશન તેમજ બસસ્ટેન્ડ પર બહારગામથી આવતા મુસાફરોએ પણ પરેશાની વેઠવી પડી હતી. જયારે સીટીબસમાં પણ મુસાફરોની ભીડ વધી જતા નાગરિકો અવ્યવસ્થાનો ભોગ બન્યા હતા. બીજી તરફ સ્કુલવર્ધીના વાહનો પણ બંધ રહેતા શાળાએ જતા વિદ્યાર્થીઓનું ટાઈમીંગ ખોરવાઈ ગયું હતું. વહેલી સવારની ઠંડીમાં વાલીઓએ વિદ્યાર્થીને શાળાએ પહોંચતા કરવા દોડધામ કરવી પડી હતી.

### લઘુત્તમ ભાડામાં વધારો રીક્ષા યુનિયનોને મંજુર નથી

સી.એન.જી. ગેસમાં રૂ. ૭.૧૫નો અસહ્ય ભાવવધારો ઝીંકી દેવાતા મોંઘવારીના ખપ્પરમાં હોમાયેલા આમ નાગરિકોની હાલત વધુ કફોડી બની છે. સી.એન.જી.ના ભાવ વધારાથી પ્રભાવિત રીક્ષા ચાલકોમાં ઉગ્ર આક્રોશ ભભૂકતા રીક્ષા યુનિયનોએ ૭૨ કલાક માટે રીક્ષાબંધનું એલાન જારી કરતા આજે માર્ગો પરથી રીક્ષા અદૃશ્ય થઈ ગઈ હતી. બીજી તરફ સી.એન.જી.ના ભાવ વધારા બાદ રાજયના વાહન વ્યવહાર મંત્રીએ રીક્ષાના લઘુત્તમ ભાડામાં રૂ.૧નો વધારો અમલી બનાવવાની જાહેરાત સંદર્ભે પણ રીક્ષા યુનિયનોએ ગેર વ્યાજબી ગણાવી હડતાળ યથાવત રાખવાનો નિર્ણય જાહેર કર્યો છે. રીક્ષા યુનિયનોએ લઘુત્તમ ભાડુ વધારવાની વાતને ફગાવી દીધી હતી. અલબત્ત સી.એન.જી.માં રૂ. ૭.૧૫ના ભાવ વધારા સામે રીક્ષાના લઘુત્તમ ભાડાના દરમાં માત્ર રૂ. ૧ના વધારાથી રીક્ષા ચાલકોએ અસંતોષ વ્યકત કર્યો હતો.

### રીક્ષાની હડતાળથી સીટીબસની ૨૫ હજાર રૂપિયાની આવક વધી

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં રીક્ષાની હડતાળના પગલે રીક્ષાઓના પૈડા થંભી ગયા હતા. જેથી મુસાફરોને હેરાન પરેશાન થઈ ગયા હતા. પણ વિટકોસ બસની સેવા ચાલુ હોવાથી અગવડતા ઓછી પડી હતી. વિટકોસ બસ સેવા ગાંધીનગરના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત દોડતી નજરે પડી હતી. રિક્ષાની હડતાળના પગલે મુસાફરોથી વિટકોસનીબસમાં ભારે ભીડ જોવા મળી હતી. તેમજ સંચાલકોએ બસ મુસાફરોથી ભરાઈ જાય એટલે તરત જ ઉપાડવાની તાકીદ કરી હતી. વિટકોસની બસ આજે દસ મિનિટમાં ભરાઈ જતી હતી. વિટકોસ બસ સેવાની રોજની આવક કરતા આશરે રૂ. ૨૫,૦૦૦ ની આવક વધુ થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. રીક્ષાના પૈડા થંભી જતા સેક્ટર ટુ સેક્ટર પહોંચવા માટે આમ નાગરિકોએ શહેરી બસસેવાનો મહત્તમ લાભ લીધો હતો.

### અમુક રીક્ષા ચાલકોએ બમણુ ભાડુ વસુલ્યું !!

સી.એન.જી. ના ભાવમાં અમૂલ્ય ભાવવધારાના વિરોધમાં ગાંધીનગર ઓટો રીક્ષા એસોસીએશને આજે રીક્ષાના પૈડા થંભાવી ભાવવધારો પાછો ખેંચવા માંગ કરી હતી. જો કે રીક્ષા બંધના આ એલાનને સેકટરના કોઈક ખૂણે મિશ્ર પ્રતિસાદ મળ્યો હોવાનું ચિત્ર સ્પષ્ટ થતું હતું. કેટલાક રીક્ષા ચાલકોએ રીક્ષાના કામ પર 'રીક્ષા બંધ'ના ચિપકાવેલા સ્ટીકર સાથે મુસાફરો પાસેથી બેફામ ભાડા વસુલી કરી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. અમુક રીક્ષા ચાલકોએ બંધને નેવે મુકી મુસાફરો પાસેથી બમણું ભાડુ વસુલ્યું હતું. જયારે હડતાળના સમયે માંડ રીક્ષાની સવારી નસીબ થતા મુસાફરોએ પણ મુંગા મોઢે માગ્યું ભાડુ ચુકવી દીધું હતું.

### હડતાળના ઓઠા હેઠળ રિક્ષા ડ્રાઈવરો ગુંડાગીરી પર ઉતરી આવ્યા

**લાકડીઓ લઈને રસ્તા પર ઉભા રહી ગયા : મુસાફરો ભરેલી રિક્ષાઓ ઉપરાંત સીટી બસો પણ ઠેર-ઠેર ઉભી રખાઈને ખાલી કરાવી : વીટકોસને તોડફોડની ચિમકી મળતા રૂટ પર પોલીસ સાથે રખાઈ**

ગાંધીનગર, તા. ૧૮

સી.એન.જી. ગેસના ભાવ વધારાના મુદ્દે ગાંધીનગર-અમદાવાદના રિક્ષા એસોસીએશન દ્વારા ત્રણ દિવસ હડતાળનું એલાન આપી દેવાયું છે. જે અંતર્ગત પહેલા જ દિવસે ગાંધીનગરમાં રિક્ષા ડ્રાઈવરોએ હડતાળના ઓઠા હેઠળ ગુંડાગીરી શરૂ કરી દીધી હોવાનું ધ્યાને આવ્યું છે. વિવિધ રસ્તાઓ પર લાકડીઓ લઈને ઉભા રહી ગયેલા રિક્ષાચાલકોના ટોળાએ ટ્રીપ મારતી રિક્ષાઓ ઉભી કરાવી દઈ મુસાફરો ઉતારી દેવાયા હતા તે ઉપરાંત શહેરી બસ વિટકોસને પણ હડતાળમાં જોડાવાનું કહીને બંધ રાખવાનું કહી રિક્ષાચાલકોએ વિટકોસમાં તોડફોડ કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

સવારથી જ રસ્તાઓ પર આવી ચઢેલા રિક્ષા ડ્રાઈવરોએ હડતાળની અવગણના કરીને મુસાફરો ભરી ટ્રીપ મારતી રિક્ષાઓને પકડવા વિરૂદ્ધ ટુકડીઓ બનાવી હતી અને ભઈજીપુરા પાટીયા, ચિલોડા સર્કલ, પેથાપુર, રાંધેજા, પથિકાશ્રમ સહિત મોટા ભાગના વિસ્તારોમાં ઉભા રહી જઈ મુસાફર ભરેલી રિક્ષાઓ ઉભી રખાવી ખાલી કરાવી દીધી હતી જેને પગલે કેટલાય મુસાફરો રસ્તા વચ્ચે રઝળ્યા હતા. તો બીજી તરફ રિક્ષા ચાલકો એ હદે બેફામ બની ગયા હતા કે મુસાફરો ભરીને જતી શહેરી બસ સેવા વિટકોસને પણ રાંધેજા, ચિલોડા, લેંકાવાડા, પેથાપુર ચોકડી સહિતના રૂટ પર રોકી-રોકીને ડ્રાયવરને તોડફોડની ધમકીઓ આપી વિટકોસ ખાલી કરાવી દીધી હતી અને રિક્ષાચાલકોની આ પ્રકારની ગુંડાગીરીનો ભોગ નિર્દોષ મુસાફરોએ બનવુ પડ્યું હતું. વિટકોસના મેનેજરે જિલ્લા કલેક્ટરને આ અંગે જાણ કરતા યોગ્ય પોલીસ બંદોબસ્ત મુકાવીને નિયત રૂટ પર પણ એક-એક પોલીસ મોકલવામાં આવી હતી.

## ૨૦૧૪માં માણસા તાલુકો નિર્મળ બનશે

**૨૨ ગામો નિર્મળ બની ચુક્યા છે અને વધુ ૧૮ ગામો માર્ચ સુધીમાં નિર્મણ બનાવાશે**

ગાંધીનગર, તા. ૧૮

આગામી માર્ચ-૨૦૧૪ સુધીમાં જિલ્લાના માણસા તાલુકાના તમામ ગામોને નિર્મળ બનાવી દેવામાં આવશે તેવો સંકેત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે માણસા તાલુકાના ૬૩ ગામો પૈકી ૨૨ ગામોને નિર્મળ બનાવી દેવામાં આવ્યા છે. જ્યારે બાકી રહેલા ગામોને એક જ વર્ષના ગાળામાં નિર્મળ બનાવી દેવામાં આવશે.

શ્રી ત્રિવેદીએ જણાવ્યું હતું કે માણસા તાલુકાને નિર્ણળ તાલુકો બનાવવા માટેનો પાયલોટ પ્રોજેક્ટ તૈયાર કરી દેવાયો છે. આ માટેના સર્વે તેમજ અન્ય આનુષંગિક કામગીરી પણ સંપન્ન કરી દેવામાં આવી છે. આ વર્ષે હજુ વધુ ૧૮ જેટલા ગામોને માર્ચ સુધીમાં નિર્મળ બનાવવા માટેની કાર્યવાહી ચાલુ છે.

એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતું કે ચૂંટણી પંચની આચારસંહિતાને કારણે કામગીરીમાં થોડીક અસર જરૂર થઈ છે પરંતુ અમે

● અનુસંધાન પાન-૭ પર

## કરદાતાઓનો સમયસર કરવેરો ભરવા આયકર વિભાગ દ્વારા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૮

આયકર વિભાગના બધા જ સિનિયર અધિકારી દ્વારા આયકર વિભાગના તમામ કરદાતાઓને નવા વર્ષની શુભકામના પાઠવે છે. સાથે દરેક કરદાતાઓને અનુરોધ છે કે, ૧૫ માર્ચ પહેલાં આપનો કરવેરો જમા કરાવી રાજય અને દેશના વિકાસમાં સહયોગ આપશો.

આયકર વિભાગ દ્વારા કેટલાક માસ અગાઉ આવકવેરા ધારા ૧૩૩/અ ના આધારે સર્વે કરવામાં આવેલ હતું. સર્વેના આધારે કરદાતાઓ દ્વારા સમય કરતાં પહેલાં અથવા ઓછો ટેક્ષ અથવા નથી ભરાયો, જેવા મુખ્ય કારણો હોવાનું બહાર આવ્યું હતું. આથી આયકર વિભાગ દ્વારા દરેક કરદાતાઓને જણાવવામાં આવે છે કે, આ પ્રકારના સર્વેથી બચવા માંગતા હોય તો

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલે ગાંધીનગરમાં પલ્સ પોલિયો અભિયાનનો આરંભ

ગાંધીનગર, તા.૧૮

બાળલકવા નાબૂદી માટે સમગ્ર દેશમાં ઘનિષ્ઠ અભિયાન ચાલી રહ્યું છે. તદઅનુસાર ગુજરાતમાં તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ નેશનલ પલ્સ પોલીયો ડે નો પ્રથમ રાઉન્ડ યોજાનાર છે.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૦મી જાન્યુઆરીએ સવારે ૧૦.૦૦ કલાકે કોમ્યુનિટી હોલ, મંત્રીમંડળના નિવાસસ્થાન પાસે, ગાંધીનગરમાં બાળકોને પોલીયો રસી પીવડાવી અભિયાનનો શુભારંભ કરાવશે.

કમિશનર, આરોગ્ય અને તબીબી સેવાઓની યાદીમાં જણાવ્યા મુજબ આ અભિયાન અંતર્ગત ૦-૫ વર્ષના તમામ બાળકોને પોલીયો વિરોધી રસી આપવામાં આવે છે.

## જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા કલોલ ખાતે ૨૦મીએ સર્વરોગ નિદાન યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ૨૦મી જાન્યુઆરીના રોજ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા એક સર્વરોગ નિદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતિ ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે આ સર્વરોગ નિદાન યજ્ઞમાં હઠીલા રોગો ઉપરાંત પ્રકૃતિ પરીક્ષણ પણ કરી આપવામાં આવનાર છે.

આ નિદાન યજ્ઞની સાથે સાથે પ્રથમવાર વનસ્પતિ પ્રદર્શન તેમજ ઓડિયો-વિઝ્યુઅલ દ્વારા સ્વસ્થ રહેવા માટે આયુર્વેદના વિવિધ પાસાઓ જેમ કે દિનચર્યા, ઋતુચર્યા, યોગ સહિતની બાબતો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવનાર છે.

આ કેમ્પમાં જરા ચિકિત્સા અંતર્ગત ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોની શારિરીક તકલીફોની તપાસ તથા વિના મૂલ્યે નિદાન ચિકિત્સા કરવામાં આવનાર છે.

કલોલની શેઠ સી.એસ.મ્યુનિ. હોસ્પિટલ ખાતે યોજાનાર આ સર્વરોગ નિદાન યજ્ઞને આયુર્વેદ નિયામક ડૉ. સુરેશચંદ્ર પંત ખુલ્લો મુકશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે. ભટ્ટ, નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ પટેલ (મુખી) તથા ચીફ ઓફિસર શ્રી મનોજ સોલંકી પણ ઉપસ્થિત રહેનાર છે.

આ નિદાન યજ્ઞમાં પ્રથમવાર વનસ્પતિ પ્રદર્શનમાં ૪૦ થી પણ વધુ જડીબુટ્ટીની વનસ્પતિઓ દર્શાવવામાં આવનાર છે.

જિલ્લામાં આયુર્વેદ તરફનો ઝુકાવ છેલ્લા ત્રણ વર્ષમાં વધવા પામ્યો છે. અને જિલ્લામાં હાલ ૨૦ જેટલા આયુર્વેદના દવાખાનાઓ કાર્યરત છે. આયુર્વેદની સારવાર લેતા લાભાર્થીઓની સંખ્યામાં પ્રતિવર્ષ વધારો જોવા મળી રહ્યો છે.

## ટીસીએસનો ગરીમા પાર્ક કોલેજીયન યુવાનોની કારકિર્દીનો રાહ કંડારશે

**ઈન્ફોસિટી નજીક આકાર પામેલા ટીસીએસના ગરીમા પાર્કમાં દસ હજાર જેટલા સ્નાતક વિદ્યાર્થીઓને નિમણૂંક અપાશે : અમદાવાદ-ગાંધીનગરની વિવિધ કોલેજોમાં રીક્રુટમેન્ટ ડ્રાઈવ શરૂ**

ગાંધીનગર, તા. ૧૮

ટાટા કન્સલ્ટન્સી સર્વિસ તેના નવા પ્રોજેક્ટ માટે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓની શોધ ચલાવી છે. છેલ્લા તબક્કામાં પહોંચેલુ તેનું બાંધકામ ટુંક સમયમાં પૂર્ણ થઈ જશે. આ ટાવરને ગરીમા પાર્ક એવું નામ અપાયું છે. અહીં જે ઓફિસો કાર્યરત થશે તેમાં વ્યવસાયિક કૌશલ્ય ધરાવતા ન હોય તેવા ગ્રેજ્યુએટ અને અંડર


(તસવીર : દિપક જાની)

છે. ગાંધીનગરના ઈન્ફોસિટી નજીક આકાર પામેલા ગરીમા પાર્કમાં આવા દસ હજાર જેટલા યુવાનોને નોકરી અપાશે. ગરીમા પાર્ક આ કોલેજીયન યુવાનોની કારકિર્દીનો રાહ કંડારશે.

ઈન્ફોસિટી નજીક વિશાળ ક્ષેત્રમાં ટીસીએસનું નવુ ટાવર બની રહ્યું ગ્રેજ્યુએટ યુવાનોને નોકરી અપાશે. અંગ્રેજીનુ જ્ઞાન ધરાવતા યુવાનો અહીંથી પોતાની કારકિર્દી શરૂ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કોલેજમાં અભ્યાસ કરતા તેજસ્વી યુવાનોની નિમણૂંક ગરિમા પાર્કમાં કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## વિપક્ષના નેતાની દોડમાં મોહનસિંહ રાઠવા મોખરે

**પાટનગર ગાંધીનગરમાં મિટીંગ મળશે : બેઠકમાં નેતાના નામ પર આખરી મહોર બાદ ૨૨મીએ સત્તાવાર જાહેરાત**

અમદાવાદ, તા.૧૮

૧૩મી ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ માટે વિપક્ષની નેતાની વરણીમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. ત્યારે આગામી ૨૧ જાન્યુઆરીએ સાંજે ગાંધીનગરમાં કેન્દ્રિય નિરીક્ષક ટીમની ધારાસભ્યો સાથે બેઠક યોજાશે. જેમાં વિપક્ષના નેતાના નામ પર આખરી મહોર મારવામાં આવે અને ૨૨મી જાન્યુઆરીએ સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા વિપક્ષના નેતા માટેની રેસમાં સિનિયર ધારાસભ્ય મોહનસિંહ રાટવાનું નામ મોખરે હોવાનું જાણવા મળી રહ્યુ છે.

આગામી ૨૨મી જાન્યુઆરીએ ૧૩મી ગુજરાત વિદાનસભાનું પ્રથમ સત્ર મળી રહ્યુ છે. આ સત્ર પહેલા કોંગ્રેસપક્ષ દ્વારા વિપક્ષનાનેતાની વરણી કરવી પડે તેવી સ્થિતિનં નિર્માણ થયુ છે. જે વચ્ચે કોંગ્રેસના વિશ્વાસપાત્ર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ ૨૧મી જાન્યુઆરીએ સાંજે ગાંધીનગર ખાતે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા નિમાયેલ નિરીક્ષક મંડળ અને કોંગ્રેસના ચૂંટાયેલા ૫૯ ધારાસભ્યોની બેઠક મલશે. આ બેઠકમાં નિરીક્ષક ટીમ દ્વારા વિપક્ષના નેતાપદ માટે નક્કી થયેલું નામ જાહેર કરીને તેના ઉપર

ધારાસભ્યોની પસંદગી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અને ત્યાર બાદ ૨૨મી કે ૨૩મી જાન્યુઆરીએ ગુજરાત કોંગ્રેસ દ્વારા જાહેરાત કરી વિધાનસભા સચિવાલયને તેની સત્તાવાર જાણ કરવામાં આવે છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ વિપક્ષના નેતા બનવા માટે કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય મોહનસિંહ રાઠવાનું નામ આગળ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને ધોરાજીના ધારાસભ્ય વિઠ્ઠલ રાદડિયાનું નામ પણ ચર્ચાઈ રહ્યુ છે. રાદડીયાને વિપક્ષના નેતા બનવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડના ઉપરવટ જઈને સાંસદ પદેથી રાજીનામુ આપી ધારાસભ્ય પદ જાળવી રાખ્યુ છે. ઉપરાંત શંકરસિંહ વાઘેલા પણ વિપક્ષના પદ માટે મોટા દાવેદાર

● અનુસંધાન પાન-૭ પર

બોડી પ્રોફાઈલ ટેસ્ટ (કેમ્પ)
ન્યુ રાણીપ પેથો. લેબ અને ગાયત્રી ક્લિનીકના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦/૧/૧૩ના રવિવારે સવારે ૭ થી ૧ દરમિયાન રાખેલ છે. તો લાભ લેવા વિનંતી.
સ્થળ : ડો. ભરત દેસાઈ
મો. : ૯૮૨૪૨ ૨૫૬૬૬
ડો. ભારતી દેસાઈ
મો. ૯૮૨૪૨ ૧૫૬૬૬
સી/૧૦૭, સ્વાગત રેઈનફોરેસ્ટ-૩, ખ-૦ થી ખ-૧ની વચ્ચે, અમૂલ કાફેની ઉપર, ગાંધીનગર
પેકેજ ફી : રૂ. ૫૦૦/-
(રજીસ્ટ્રેશન ફોન દ્વારા આવકાર્ય)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧







TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com